# આવેદનપત્ર : કચ્છની દીકરીઓને પરીક્ષાના સમયે રઝળતી મૂકનાર તંત્ર અને બેજવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા બાબત

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

અને
નિયામકશ્રી,
**GSRTC** અમદાવાદ

વિષયઃ કચ્છની દીકરીઓને પરીક્ષાના સમયે રઝળતી મૂકનાર તંત્ર અને બેજવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા બાબત

સવિનય જણાવવાનું કે ગત 19 ડિસેમ્બરના રોજ મુંદરા - ગાંધીનગર (8:15) રૂટની સ્લીપિંગ કોચ બસમાં એડવાન્સ બુકિંગ હોવા છતાં કોઈ પણ પૂર્વ સૂચના વગર છેલ્લી ઘડીએ બસ રદ કરી દેવામાં આવતા ગુંદાલા ગામની દીકરીઓને અડધી રાત્રે હાઈવે પર રઝળવું પડ્યું હતું. કચ્છમાં પરીક્ષા કેન્દ્ર ન ફાળવીને સરકારે પહેલેથી જ અન્યાય કર્યો હતો અને ઉપરથી 400 કિમી દૂર અમદાવાદ પહોંચવા માટે દસ દિવસ અગાઉ બુક કરાવેલી સરકારી બસ પણ એજન્ટો અને તંત્રની મિલીભગત કે બેદરકારીને કારણે કેન્સલ કરાઈ જે અત્યંત આઘાતજનક છે. રાત્રે 8:15 વાગ્યા સુધી મુંદરા ડેપો દ્વારા બસ આવશે તેવું જુઠું આશ્વાસન અપાયું અને ત્યારબાદ ફોન રિસીવ કરવાનું બંધ કરી દેવાયું જેના કારણે દીકરીઓએ અડધી રાત્રે જીવના જોખમે અન્ય વાહનમાં અમદાવાદ પહોંચવાની ફરજ પડી હતી. આ ગંભીર બેદરકારી બદલ જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લેવા અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની ખાત્રી કરવા અમારી ઉગ્ર માંગણી છે.

આદર પૂર્વક,
વિદ્યાર્થીઓ અને વાલીઓ વતી,
*Titixa Thacker*
(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
પ્રમુખ – રતાડીયા જલારામ સખી મંડળ, મુન્દ્રા (કચ્છ)
તારીખઃ ૨૦/૧૨/૨૦૨૫